
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# સે-૨-ડીના મેવાડા બંધુએ નાગરીક બેંકને ૬૫ લાખનો ચુનો ચોપડ્યો

## ઘર બનાવવા અને બીએમડબલ્યુ કાર લેવા માટે લોન લીધી હતી, ત્રણ વર્ષ થયા છતા રૂપિયા ન ભરતા બેંક દ્વારા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ડી ખાતે રહેતા બે સગાભાઈઓએ ગાંધીનગર નાગરીક બેંક સાથે રૂ.૬૫ લાખની ઠગાઈ કરી છે. એક ભાઈએ બીએમડબલ્યુ કાર લેવા માટે રૂ.૪૦ લાખ તો બીજા ભાઈએ મકાનના બાંધકામ પેટે રૂ.૨૫ લાખની લોન લીધી હતી. લોન લીધાને ત્રણ વર્ષ વિતી ગયા હોવા છતા લોનની ભરપાઈ ન કરતા બંન્ને ભાઈઓ તેમજ ગેરેન્ટર મળી કુલ ૭ નાગરીકો સામે નાગરીક બેંકના રીકવરી અધિકારીએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

બનાવની મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૫ સી ખાતે રહેતા જીતેન્દ્રકુમાર પટેલ (ઉં.વ.-૫૩) સેકટર-૧૬ ખાતે આવેલ નાગરીક કો.ઓ.બેંકમાં રીકવરી ઓફિસર તરીકે ફરજ બજાવે છે. જીતેન્દ્રકુમારે સેકટર-૨૧ પોલીસ મથકે સેકટર-૨ડી પ્લોટ નં.૧૦૧૯-૧ ખાતે રહેતા બે ભાઈઓ અનિલ વ્રજલાલ મેવાડા અને નિરવ વ્રજલાલ મેવાડા સહિત કુલ ૭ વ્યકિતઓ સામે બે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદ મુજબ નિરવે કલોલની વર્ધમાન સોસાયટીમાં બાંધકામ માટે જાન્યુઆરી ૨૦૧૬માં રૂ.૨૫ લાખની લોન લીધી હતી. જેમાં ભાગ્યેશ પ્રફુલચંદ્ર પટેલ (રહે. પ્લોટ નં.૧૬૬૮.૧ સેકટર-૨ ડી) તેમજ સત્યમ અરવિંદભાઈ તપોધન ( રહે. પ્લોટ નં.૯૪૮-૧ સેકટર-૨૮) જામીનદાર બન્યા હતા. લોન લીધા પછી થોડાક સમય બાદ બેંકને જાણ થઈ કે આરોપીએ બાંધકામ ન કરીને રૂપીયા અંગત કામમાં વાપર્યા છે. પ્રારંભીક તબક્કામાં ગણતરીના હપ્તા ભર્યા બાદ આરોપીએ હપ્તા ભરવાનું બંધ કરી દીધુ હતું. ત્યારબાદ બેંક દ્વારા નોટીસો આપવામાં આવી હતી. આરોપી સાથે તેની પત્ની હેતલબેન મેવાડા તેમજ જામીનદારો બેંક ખાતે આવીને લોન ભરી દેવાની મૌખિક ખાતરી આપી હતી. તેમ છતા લોન ન ભરતા ચારેય સામે પોલીસ ફરીયાદ થઈ છે.

તો બીજીતરફ નિરવના ભાઈ અનિલે એપ્રિલ-૨૦૧૬માં બીએમડબલ્યું લકઝુરીયસ કાર લેવા માટે રૂ.૪૦ લાખની લોન ગાંધીનગર નાગરીક કો.ઓ.બેંક પાસેથી લીધી હતી. લોન લીધેલા રૂપીયાથી અનિલે જી.જે.૧૮.બી.એફ-૦૦૧૩ નંબરની કાર ખરીદી કરી હતી. નિરવની જેમ અનિલે પણ શરુઆતના તબક્કામાં ગણતરીના હપ્તા ભર્યા હતા. ત્યારબાદ તેણે પણ પૈસા ભરવાનું બંધ કરી દીધુ હતું. બેંક દ્વારા વાહન ઈન્સ્પેકશન અને તે બાદ જપ્ત કરવા માટે નોટીસો આપી છતા આરોપીએ રૂપીયા ભર્યા નથી. જેને પગલે કોર્ટમાં દાવો કરતા આરોપીએ કોર્ટમાં પાંચ લાખ રૂપીયા ભરવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો તેમ છતા રૂપીયા ભર્યા ન હતા. જેને પગલે આખરે બેંક દ્વારા રૂ.૩૮.૮૦ લાખની બાકી નીકળતી લેણી રકમ માટે આરોપી તેમજ તેના બે જામીનદારો જયેશકુમાર અંબિકા પ્રસાદ રાવલ ( પ્લોટ નં. ૧૦૦૭ સેકટર-૨ડી) તેમજ નરેન્દ્રસિંહ ભગવાનસિંહ વાઘેલા (પેથાપુર)સામે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. જયારે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર નાગરીક કો.ઓ.બેંક પાસેથી મકાનના બાંધકામ માટે રૂ. ૨૫ લાખની લોન લીધી હતી, તેનું બાંધકામ તો થયું નહી પરંતુ બેંકે તપાસ કરતા નવરંગપુરા ખાતે આવેલી ચૌલા મંડલમ ફાઈનાન્સ કંપની પાસે રૂ.૧.૯૦ કરોડની લોન મેળવી તે મકાન મોર્ગેજ કરી આપ્યું છે. જેને પગલે પોલીસે ફરીયાદ લઈ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## સેકટર-૧૩ ખાતેથી ઘર આગળ પાર્ક કરેલી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી, સોકટરોમાં નાગરીકોના ઘર પાસે કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. સેકટર-૧૩ માં ઘર પાસે પાર્ક કરેલી રીક્ષાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનોં દાખલ થતા પોલીસે તપાસ શરુ કરી છે.

બનાવની મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩એ પ્લોટ નં. ૬૭૮-૧ ખાતે રહેતા જયેશકુમાર મહેન્દ્રભાઈ રાઠોડ રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૧૪ જુલાઈના રોજ તેમના પિતાએ જી.જે.૧૮.વાય. ૪૧૩૧ નંબરની રીક્ષા લઈને સંબંધીને ત્યાં ગયા હતા અને રાત્રે ૧૧ કલાકે પરત ફર્યા હતા. રીક્ષા રાત્રીના સમયે ઘર સામે જ પાર્ક કરી હતી અને સવારે ઉઠીને જોયું તો પાર્ક કરેલી જગ્યાએ રીક્ષા ન હતી. રીક્ષામાં આરસી બુક તેમજ અન્ય જરુરી કાગળો પણ હતા. જયેશકુમારે થોડા દિવસ આસપાસ તપાસ કરતા રીક્ષા ન મળતા તેઓએ પોતાની દોઢ લાખની કિંમતની રીક્ષાની ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કરાઈ કેનાલમાં ડુબી જવાથી બે વિદ્યાર્થીના મૃત્યુ

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર નજીક આવેલી કરાઈ નર્મદા કેનાલ ખાતે ગુરુવારના રોજ બપોરના સુમારે ડુબી જવાથી અમદાવાદના બે વિદ્યાર્થીના મૃત્યું નિપજયા છે. કેનાલમાં હાથ ધોવા માટે ઉતરેલો વિદ્યાર્થી ડુબતા તેના બચાવમાં ઉતરેલા બે વિદ્યાર્થીઓમાંથી એક બહાર આવી ગયો હતો, જયારે બીજો યુવક ડુબી ગયો હતો. શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટિટયુ ઓફ ટેકનોલોજીના વિદ્યાર્થીઓના મૃત્યું ને પગલે કોલેજમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

બનાવની મળતી વિગત મુજબ ભાટ પાસે આવેલી એસએસઆઈટી કોલેજના પાંચ જેટલા વિદ્યાર્થીઓ કારમાં કરાઈ ખાતે પહોંચ્યા હતા. જયાં બપોરના સુમારે જમવાનો સમય થતા એક યુવક કેનાલમાં હાથ ધોવા માટે નીચે ઉતર્યો હતો. જયા અચાનક યુવકનો પગ લપસતા તે કેનાલમાં પડ્યો હતો. ડુબી રહેલા યુવકને બચાવવા માટે બે મિત્રો પણ કેનાલમાં પડ્યા હતા. જો કે તેમાંથી એકને તરતા આવડતુ હતું જેથી તે યુવક બહાર આવી ગયો હતો. પરંતુ અન્ય બે વિદ્યાર્થીઓ કેનાલના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા તાત્કાલીક પહોંચેલી ફાયર ટીમના જવાનોએ શ્રીકાંત નાયડુ ઉં.વ.-૧૯ રહે. મણીનગર ખોખરા અમદાવાદ, અને અનિમેષ કુશ્વાહા રહે. નવા નરોડા ના મૃતદેહ બહાર નીકાળ્યા હતા. બનાવની જાણ ઈન્ફોસીટી પોલીસને કરતા એએસઆઈ લક્ષ્મણસિંહ તાત્કાલીક સ્થળ પર પહોંચી ગયા હતા અને વિદ્યાર્થીઓના મૃતદેહનું પીએમ કરાવી અકસ્માતે મોતની નોંધ કરી પોલીસે તપાસ શરુ કરી છે.

## આ વર્ષે વધુ ૬ કોલેજોને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો મળશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા રાજ્યની બહાર ના જવું પડે તેમજ રાજ્યમાં શિક્ષણનું સ્તર ઊંચુ આવે તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં ખાનગી કોલેજોને યુનિવર્સિટી તરીકે માન્યતા આપવામાં આવી રહી છે. રાજ્યમાં હાલ ૨૮ ખાનગી યુનિવર્સિટી કાર્યરત છે જેમાં નિરમા યુનિવર્સિટી, પીડીપીયુ, ગણપત યુનિવર્સિટી, રિલાયન્સ ગૃપની ગાંધીનગર સ્થિત યુનિવર્સિટી વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે ચાલુ નાણાંકીય વર્ષ વધુ ૬ કોલેજોને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવનાર છે જે સાથે રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીની સંખ્યા હવે ૩૪ જેટલી થઈ જશે જેના કારણે રાજ્યના વિદ્યાર્થીઓને ઘર આંગણે અન્ય રાજ્યો જેવું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થઈ શકશે.

## કિસાન સંઘ ૯મી ઓગષ્ટે ક્રાંતિદિન નિમિત્તે દેશભરના જિલ્લામથકોએ આવેદનપત્ર આપશે

ગાંધીનગર, તા. ૨૫

ભારતીય કિસાન સંઘના ગુજરાત પ્રદેશ દ્વારા આગામી તા. ૯મી ઓગષ્ટે ક્રાંતિ દિવસ તરીકે ઉજવવાનું આયોજન હાથ ધરાયું છે. પ્રદેશ કારોબારીની એક વિશેષ બેઠક યોજાઈ હતી. જેમાં પટના ખાતે રાષ્ટ્રીય પ્રબંધ સમિતિની બેઠકમાં થયેલી કાર્યવાહીની નોંધ આગામી વર્ષ દંતોપંત ઠેંગડીજી જન્મ શતાબ્દી વર્ષ તરીકે ઉજવવાનું આયોજન હાથ ધરાયું છે.

ભારતીય કિસાન સંઘના પ્રદેશ અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દૂધાત્રા તથા પ્રદેશ મહામંત્રી બી.કે. પટેલે સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે પ્રદેશ કારોબારીની યોજાયેલી વિશેષ બેઠકમાં તમામ વિભાગના સંયોજકો તથા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આ બેઠકમાં પટના ખાતે રાષ્ટ્રીય પ્રબંધ સમિતિની બેઠકની કાર્યવાહીની નોંધ ઉપરાંત આગામી વર્ષે દંતોપંત ઠેંગડીજી જન્મ શતાબ્દી વર્ષ તરીકે ઉજવવાનું, તેના કાર્યક્રમોની વિચારણા, કેન્દ્રિય અધિકારી પ્રવાસ, આગામી તા. ૯મી ઓગષ્ટે ક્રાંતિ દિવસ રાષ્ટ્ર વ્યાપી જિલ્લા મથકોએ કાર્યક્રમોની યોજનાઓ, વરસાદ ખેંચાતા ઉભા થયેલ પાકવીમા, ખેતીને બચાવવા વધુ વીજળી, સિંચાઈના પાણી જેવા મુદ્દે ચર્ચા કરાઈ હતી. તા. ૯મી ઓગષ્ટ ક્રાંતિ દિવસે કિસાન સંઘ દ્વારા, દેશભરના જિલ્લા મથકોએ આવેદનપત્ર આપવા સાથે હમારા બીજ હમારા અધિકાર, એચટીબીટી બીજ લાવનાર ખેડૂત પર સખ્ત કાર્યવાહી માટે જન જાગરણ, વરસાદ ખેંચાવાથી પાકવીમા, ખેતીને બચાવવા સિંચાઈનું પાણી, ૧૪ કલાક વીજળી, સમાન વિજદર, ફિક્સ ચાર્જ-રી સર્વેના પ્રશ્નો વગેરે મુદ્દે બેઠકમાં ચર્ચા કરાઈ હતી. આ સાથે જુલાઈ માસની તા. ૨૯મીએ દક્ષિણના, ૩૦મીએ ઉત્તર અને તા. ૩૧મીએ સૌરાષ્ટ્ર સંભાગની બેઠકો યોજાશે જે નક્કી કરવામાં આવ્યું હતું.

# મોદી સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ગુજરાત પહોંચે તેવી સંભાવના

અમદાવાદ, તા.૨૫

આગામી સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે યોજાનારી મિનિસ્ટ્રી ઓફ એકસટર્નલ અફેર્સ (એમઈએ)ની બેઠકમાં હાજરી આપશે. ઉપરાંત તા.૨ ઓકટોબરે મહાત્મા ગાંધી જન્મજયંતી અને સ્વચ્છ ભારત અભિયાનની ઉજવણી કરવામાં આવશે. તા.૩૧મી ઓકટોબરે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે યોજાનારી આઈએએસ, આઈપીએસ અને આઈએફએસ સાથે યોજાનારી મીટિંગમાં પણ હાજરી આપવાના છે. અત્યાર સુધી એમઈએની ૯ બેઠક યોજાઈ છે અને બધી જ દિલ્હી ખાતે જ યોજાઈ છે. જો કે, ભારતના ઈતિહાસમાં પહેલી વાર મિનિસ્ટ્રી ઓફ એકસટર્નલ અફેર્સ (એમઈએ) તેમની વાર્ષિક બેઠક દિલ્હી બહાર યોજશે. ગુજરાતમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે આ કોન્ફરન્સ યોજાવાની છે. આ કોન્ફરન્સમાં ભારતના એમ્બેસેડર્સ, ડિપ્લોમેટ્સ અને આખી દુનિયાના હાઈ કમિશનર્સ ભેગા થશે. આ કોન્ફરન્સ આ વખતે ગુજરાતમાં સપ્ટેમ્બરના મધ્યભાગમાં યોજાવાની છે. બે દિવસ માટે યોજાનારી આ કોન્ફરન્સમાં વડાપ્રધાન મોદી, વિદેશ મંત્રી એસ. જયશંકર અને અન્ય ટોચના મહાનુભાવો હાજર રહેશે. તેમાં ભારતના અર્થતંત્રમાં



સુધારા અને વિવિધ વિષયો પર ચર્ચા થશે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું અનાવરણ કર્યું હતું અને જણાવ્યું હતું કે, આ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત છે જેમને કોંગ્રેસે આટલા વર્ષ અવગણ્યા હતા. મોદી જ્યારે ગુજરાતના સીએમ હતા ત્યારે તેમણે આ પ્રતિમા બનાવવાનું સપનુ જોયું હતું. આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં રોજ ૧૦ હજારથી વધુ સહેલાણીઓ મજા માણવા આવતા હોયછે. હવે એમઈએની મિટીંગ હોવાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી ઈન્ટરનેશનલ ડેસ્ટિનેશન બની શકે છે. મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સ(એમઈએ)ની બેઠકને લઈને પણ રાજય સરકાર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ઓફ યુનિટી ખાતે બેઠકમાં હાજર રહેશે

# દહિયા પ્રકરણમાં તપાસ સમિતિની રચના

## પાંચ સભ્યોની તપાસ સમિતિ પંદર દિવસમાં રાજ્ય સરકારને અહેવાલ સુપ્રત કરશે

અમદાવાદ, તા.૨૫

ગુજરાતના આઈએએસ અધિકારી ગૌરવ દહિયા અને તેમની કથિત બીજી પત્ની લીનુ સિંહે સામસામે ફરિયાદો કરતા સમગ્ર મામલે વિવાદ વધુ ઘેરો બનતાં અને રાજકારણ ગરમાતાં આખરે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના આઈએએસ અધિકારી ગૌરવ દહિયાના આ કથિત પ્રેમ અને લગ્ન પ્રકરણમાં તલસ્પર્શી તપાસ માટે ત્રણ મહિલા આઈએએસ અધિકારીઓ સહિત પાંચ સભ્યોની તપાસ સમિતિની રચના કરી છે. આ તપાસ સમિતિને પોતાનો અહેવાલ સત્વરે રજૂ કરવા પણ સૂચનાઓ આપવામાં આવી છે. રાજયના અગ્રસચિવ સુનયના તોમરના અધ્યક્ષ સ્થાને રચાયેલી આ તપાસ સમિતિ પંદર દિવસમાં સમગ્ર મામલે પોતાનો રિપોર્ટ તૈયાર કરી સરકારને સુપ્રત કરશે.

મુખ્યમંત્રીના નિર્દેશ અનુસાર જે તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, તેમાં અધ્યક્ષા તરીકે અગ્ર સચિવ સુનયના તોમર રહેશે. તપાસ



સમિતિના અન્ય સભ્યોમાં મમતા વર્મા-આઈએએસ, સોનલ મિશ્રા-આઈએએસ તથા બિનસરકારી સભ્ય તરીકે નિવૃત્ત સંયુક્ત સચિવ દેવીબહેન પંડ્યા અને સભ્ય સચિવ તરીકે નાયબ-સંયુક્ત કે અધિક સચિવ કક્ષાના અધિકારી રહેશે. ઉલ્લેખનીય છે કે, આઈએએસ ગૌરવ દહિયા નેશનલ હેલ્થ મિશનના મિશન ડાયરેકટર તરીકે ફરજ નિભાવી રહ્યા હતા, આ દરમ્યાન તેમની સામે આક્ષેપો થતાં રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી તા.૨૨ જુલાઈએ તેમની બદલી કરીને સંયુક્ત સચિવ (આયોજન) સામાન્ય વહીવટ વિભાગમાં મુકી દીધા છે. આ મામલે સામાન્ય વહીવટી વિભાગના વડા તરીકે મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, હવે આ સમગ્ર મામલે તપાસ સોંપી દેવામાં આવી છે અને તપાસ રિપોર્ટ બાદ પગલા લેવામાં આવશે. ગૌરવ દહિયાની અરજીને લઈને મુખ્ય સચિવને માહિતગાર કરવામાં આવ્યા છે. દહિયાની પૂર્વ પત્નીને પણ અરજી અંગે માહિતી આપવામાં આવી છે. દહિયાના પ્રેમ સંબંધોથી પૂર્વ પત્ની શિવાની પણ અજાણ હતી.

આ અંગે શિવાનીએ જીએડી (જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ)ને જાણ કરી છે. આ અરજીના આધારે જ દહિયાએ બદલી કરી સામાન્ય વહીવટ વિભાગમાં મુકાયા હોવાની વાત પણ સૂત્રોમાંથી જાણવા મળી છે. જો કે, આગામી દિવસોમાં આ સમગ્ર પ્રકરણમાં નવા ખુલાસા થાય તેવી પૂરી શકયતા છે.

# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદનો માહોલ જામેલો રહ્યો

અમદાવાદ, તા.૨૫

ગુજરાતના જુદા જુદા ભાગોમાં વરસાદી માહોલ આજે પણ અકબંધ રહ્યો હતો. દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થયો છે જેમાં ડાંગ, નવસારી, તાપી, નર્મદા, સુરતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલીમાં પણ ભારે વરસાદ થયો છે. વરસાદી માહોલ હજુ અકબંધ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બીજી બાજુ હવામાન વિભાગની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં પડી શકે છે જેમાં વલસાડ, નવસારી, ડાંગ, તાપી, દમણ અને દાદરાનગર હવેલીનો સમાવેશ થાય છે. મહિસાગર, બનાસકાંઠા, સાબરકાંઠા અને



અરવલ્લીમાં પણ ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી બાદ તંત્ર સાવચેત થઈ ગયેલું છે. દક્ષિણ ગુજરાત ઉપર અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ પ્રવર્તી રહી છે. ચાલુ ચોમાસાની સિઝન દરમિયાન નર્મદા ડેમે સૌપ્રથમ ક્રેસ્ટ લેવલ પાર કરીને ૧૨૧.૯૨ મીટરની સપાટી વટાવી લીધી છે. આજે સવારે ડેમની સપાટી ૧૨૧.૯૮ મીટર નોંધાઈ હતી. ઉપરવાસમાં ભારે વરસાદના લીધે ડેમની જળ રાશિમાં ૧૫૩૬૨ ક્યુસેક પાણીનો વધારો થયો છે. સાથે સાથે ૧૩૬૯૦ ક્યુસેક પાણીની જાવક થઈ છે. નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના કેવડિયા કોલોની ખાતે સરદાર સરોવર નર્મદા ડેમ ચાલુ વર્ષે ચોમાસાની સિઝન દરમિયાન આજે સૌપ્રથમ તેનું ક્રેસ્ટ લેવલ પાર કરીને આગળ વધી ગયું હતું. નર્મદા ડેમ સાઈડ ખાતે કેનાલ હેન્ડપાવર હાઉસમાં ૫૦ મેગાવોટ વિજ ઉત્પાદનની ક્ષમતા ધરાવતા પાંચ યુનિટો પૈકી આજે ત્રણ જેટલા યુનિટ વિજ ઉત્પાદન માટે કાર્યરત રહ્યા હતા. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૦થી વધુ જિલ્લામાં વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી હોવા છતાં તંત્ર હજુ વરસાદને લઈને આશાવાદી છે. કામરેજ, મહેસાણા, પલસાણા, તાપી, દક્ષિણ ગુજરાતના અન્ય ભાગોમાં વરસાદ થયો છે. બનાસકાંઠા અને સાબરકાંઠા, પાટણ, ઉત્તર ગુજરાતના અન્ય ભાગોમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

## સેકટર-૧૩ ખાતેથી ઘર આગળ પાર્ક કરેલી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી, સેકટરોમાં નાગરીકોના ઘર પાસે કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. સેકટર-૧૩ માં ઘર પાસે પાર્ક કરેલી રીક્ષાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનોં દાખલ થતા પોલીસે તપાસ શરુ કરી છે.

બનાવની મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ એ પ્લોટ નં. ૬૭૮-૧ ખાતે રહેતા જયેશકુમાર મહેન્દ્રભાઈ રાઠોડ રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૧૪ જુલાઈના રોજ તેમના પિતાએ જી.જે.૧૮.વાય. ૪૧૩૧ નંબરની રીક્ષા લઈને સંબંધીને ત્યાં ગયા હતા અને રાત્રે ૧૧ કલાકે પરત ફર્યા હતા. રીક્ષા રાત્રીના સમયે ઘર સામે જ પાર્ક કરી હતી અને સવારે ઉઠીને જોયું તો પાર્ક કરેલી જગ્યાએ રીક્ષા ન હતી. રીક્ષામાં આરસી બુક તેમજ અન્ય જરુરી કાગળો પણ હતા. જયેશકુમારે થોડા દિવસ આસપાસ તપાસ કરતા રીક્ષા ન મળતા તેઓએ પોતાની દોઢ લાખની કિંમતની રીક્ષાની ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રાયપુર પાસે ડમ્પર - બાઈક વચ્ચે અકસ્માત : દંપતિનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામ પાસે ગતરોજ બપોરના સુમારે બાઈક-ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક દંપતિનું મૃત્યું નિપજયું હતું. મોડાસાના ચારણવાડા ગામનું દંપતિ દરજી કામનો સામાન લઈને અમદાવાદથી પરત જઈ રહ્યું હતું તે સમયે માર્ગમાં અકસ્માત નડ્યો હતો. અકસ્માતનો પગલે નાગરીકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જયારે ડમ્પર ચાલક ડમ્પર મુકીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે ફરીયાદ નોધીને વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ મોડાસાના ચારણવાડા ગામના રણજીતસિંહ પૃથ્વીસિંહ પરમાર (ઉં.વ.-૪૫) અને તેમના પત્ની દક્ષાબેન રણજીતસિંહ પરમાર (ઉં.વ.-૪૦) દરજીકામ કરીને ગુજરાતન ચલાવતા હતા. બુધવારના રોજ સવારે તેઓ બાઈક પર અમદાવાદ સામાન લેવા માટે આવ્યા હતા. અમદાવાદ ખાતો દરજીકામનો જરુરી સામાનની ખરીદી કરીનો તેઓ પરત ફરી રહ્યા હતા તે સમયે રાયપુર ગામની સીમમાં રાધા સ્વામી સત્સંગ બ્યાસના ગેટ પાસે ડમ્પર ચાલકે ગરફલત ભરી રીતે હંકારી બાઈકનો ટક્કર મારતા બાઈક પર સવાર દંપતિ માર્ગ પર પટકાયા હતા.

દંપતિ માર્ગ પર પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ દંપતિનું મૃત્યું નિપજયું હતું. મૃતક દંપતિને બે દિકરીઓ અને એક દિકરો છે, જેની જવાબદારી હવે દાદા પર આવી ગઈ છે. બનાવનો પગલે ડમ્પર નાં.જી.જે.૧૮.એ.યુ-૮૬૦૯ નો ચાલક ડમ્પર મુકીને ફરાર થઈ ગયો હતો. મૃતક રણજીતસિંહના પિતા પૃથ્વીસિંહ પરમારની ફરીયાદનો પગલે ડભોડા પોલીસે ગુનો નોંધી ડમ્પર ચાલકનો પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### જાહેર નિવિદા નં.૨ સને ૨૦૧૯-૨૦

શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ, કોલેજ કેમ્પસ, મોડાસા-ધનસુરા રોડ, મોડાસા, પીન: ૩૮૩૩૧૫ જી. અરવલ્લી મો. ૯૮૨૫૩૦૩૨૪૦ દ્વારા અંદાજીત રકમ રૂ. ૧૫૫.૩૫ લાખના કુલ : ૨ (બે) કામો માટે ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામના ટેન્ડરો www.nprocure.com ઉપરથી તા. ૨૬/૭/૨૦૧૯ થી તા. ૮/૮/૨૦૧૯ના રોજ ૧૮:૦૦ કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરના જરૂરી દસ્તાવેજો તા. ૮/૮/૨૦૧૯ના રોજ ૧૬:૦૦ કલાક સુધી આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા પહોંચતા કરવાના રહેશે. શક્ય હશે તો ટેન્ડરો તા. ૯/૮/૨૦૧૯ના રોજ ૧૧:૦૦ કલાકે ઉપરોક્ત કોલેજથી સક્ષમ કક્ષાએથી ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂ / ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં. ઓનલાઈન ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં આ કચેરી તરફથી કરવામાં આવેલ સુધારા / વધારા ઈજારદારશ્રીએ ધ્યાને લેવાના રહેશે. અને ત્યારબાદ ભાવો ભરવાના રહેશે. આ બાબતે ઈજારદારશ્રીની અંગત જવાબદારી રહેશે. આ ઉપરાંત વિગતવાર નોટીસ કોલેજ નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ કામ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નામાનિ/હિંમત/૧૬૧/૧૯